S.No.	File Name	Document Description
1	1. COVERPAGET. No. 17 of 19-20 pdf	Cover Page
2	1a. TENDER FORMMS-FIRSTSHEETSECONDSHEETT. No. 17 of 19-20 pdf	Tender Form
3	2. SCHEDULET. No. 17 of 2019-20 pdf	Schedule
4	2a. TECHNICAL SPECIFICATIONT. No. 17 of 19-20 pdf	Technical Specification
5	3. SPECIAL CONDITION CONTRACTT. No. 17 of 19-20 pdf	Special Condition
6	4. GENERAL INSTRUCTIONST. No. 17 of 19-20 pdf	General Instruction
7	5. FORMAT ANNEXURET. No. 17 of 19-20 pdf	Format Annexure

265

Like us on: facebook.com/WesternRly • Follow us on: twitter.com/WesternRly

GACL Gujarat State CSR Awards, 2020

Applications Invited: CSR Awards

Gujarat CSR Authority, an initiative by the Government of Gujarat, invites applications from eligible companies (Public Private sector companies) for the 2020 edition of the GACL Gujarat State CSR Awards, the 4th in the series of State level awards for Corporate Social Responsibility. The evaluation process of nominated project(s) would comprise a three-tier assessment process: preliminary scoring, field assessment and presentation before Jury members.

Award Categories

1st Category: GCSRA Award for 'Sustainable and Impactful CSR Project for (a) Large & (b) Medium and Small Companies
2nd Category: GCSRA Award for 'Cohesive & Strategic CSR Partnership' for (a) Large & (b) Medium and Small Companies
3rd Category : Jury Commendation Award for Partners.

Nomination and Award Application Procedure

An on-line application system is open for companies to participate in the aforementioned award categories. To understand the detailed procedure, eligibility, criteria and other details of Awards application. Companies are requested to refer the 'GACL Gujarat State CSR Awards 2020' brochure and application form, uploaded on the GCSRA website **(www.gcsra.org)** under the Events section. Please note that the hard copy of the application, along with relevant documents, are to be sent to the GCSRA office, Ahmedabad on postal address; Chief Operations Officer, Gujarat CSR Authority, 3rd floor, GSFC Building, Opposite Drive-in Cinema, Behind Reliance Mart, Bodakdev, Ahmedabad 380054, well before the closing date. For any further information in this regard, company may get in touch with Mr Tushar Tyagi, Consultant, GCSRA (Mob No. +91 9407233806 or Ph. No. +91-79-40192052. Mail: seminar_trainimg@gcsra.org/ eventsgcsra@gujarat.gov.in

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૧૬૯/૨૦૧૯

Chief Operations Officer
Gujarat CSR Authority

www.readwhere.com

વેસ્ટર્ન ટાઈમ્સ

સૌરાષ્ટ્ર

કચ્છ, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ જીલ્લાના સમાચારો

કનકાઈ પાસે ઈનફાઈટમાં સિંહનું મોત

જૂનાગઢ,
ગિર જંગલના વિસાવદર રેન્જના કનકાઈ માર્ગ ઉપર ઈનફાઈટમાં પાંચ વર્ષના સાવજનું મૃત્યુ થયું હતું. જ્યારે ડેડકડી રેન્જના જાંબુથાલાનાં ખાંભા ગામે પરપ્રાંતીય મહિલા શ્રમિક ઉપર દીપડાએ હુમલો કરી ઈજા પહોંચાડતા જૂનાગઢ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

બે સ્થળે દીપડા દ્વારા હુમલાના બનાવમાં બે કન્યાને ઇજા

વિસાવદર નજીકના કનકાઈ માર્ગ ઉપર ઈનફાઈટમાં પાંચ વર્ષના સિંહને ગંભીર ઈજા પહોંચતા મૃત્યુ થયું હતું. વનતંત્રને જાણ થતાં આર.એફ.ઓ.તથા ડી.સી.એફ.સહિતના દોડી ગયા હતાં. વેટરનરી ડોક્ટરો દ્વારા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

જ્યારે ડેડકડી રેન્જના જાંબુથાલા બીટમાં ખાંભાની સીમમાં પેટિયું રળવા આવેલ મધ્યપ્રદેશની શાયદાબેન ભાયાભાઈ બરડે (ઉં.૧૭) ઉપર તથા ભેંસાણના ખારચિયા વાંકુના સીમમાં પેટિયું રળવા આવેલ સેવના પ્રકાશ ભાભોર (ઉં.૧૧) નામની કિશોરી ઉપર દીપડાએ હુમલો કરી ઈજા પહોંચાડી હતી.

મયુરનગર ગામે બ્રાહ્મણી નદીમાંથી રૂા.૫૨.૬૪ લાખની ખનીજચોરી પકડાઈ : બે મશીન ઓપરેટરો ફરાર

દરરોજ ૩૫-૪૦ ડમ્પરોમાં ૩૦ મેટ્રીક ટન રેતી ચોરી કરી વહન કર્યાનું ગાંધીનગર ટીમની તપાસમાં ખુલ્યું !

મોરબી,
હળવદરમાં થોડા દિવસ અગાઉ મયુરનગર ગામની નદીમાંથી હુડકા મારફતે રેતી ચોરી થતી હોવાની જાણ થતાં ખાણ ખનીજ વિભાગે દરોડો પાડી બે હુડકા, સાદી રેતી ૩૧૦૦ ટન મળી રૂા.૫૨,૬૪,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી નાસી જનાર બે હુડકાના સંચાલકો વિરૂદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબીના જીલ્લા સેવા સદનમાં ખાણ ખનીજ વિભાગમાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતાં અંકુર જે.ભાદરકાને હળવદ તાલુકાના મયુરનગર ગામે બ્રાહ્મણી નદીમાં ખનીજ ચોરી થતી હોવાની જાણ થઈ હતી. જે અંગે ગત તા.૧૮ શુક્રવારના રોજ ખાણ ખનીજ વિભાગની ટીમે આકસ્મિક તપાસ હાથ ધરતા બે હુડકા મશીન દ્વારા સાદી રેતીનું ખનીજનું ખોદકામ નદી વિસ્તારમાં કરતાં જોવા મળ્યા હતાં. સરકારી અધિકારીઓને જોઈ જતાં હુડકા મશીનના ઓપરેટરો નાસી છુટ્યા હતા. ઓપરેટરો હુડકો મશીનો દ્વારા નદી વિસ્તારનાં મધ્ય ભાગમાંથી રેતી ખનીજ પાઈપો સાથે જોડી મશીન મારફતે બહાર કાઢી નદી કિનારે ખનીજનો ઢગલો કરી ડમ્પરો તથા ટ્રેક્ટરો મારફતે વહન કરતાં હોવાનું જાણવા મળતાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર ગાંધીનગર એફ.એસ.એલ.ની ટીમનો સંપર્ક કર્યો હતો.

ગાંધીનગરની ટીમે જીપીએસ સિસ્ટમ મારફતે તપાસ હાથ ધરતાં મશીન ઓપરેટરો દ્વારા ગેરકાયદેસર રીતે સાદી રીતે ૩૧૦૦ મેટ્રીક ટન કિંમત રૂા.૪૩,૨૦,૦૦૦ની સાદી રીતે ખનન કરી વેચાણ કર્યાની ખુલતાં રોયલ્ટી ઈન્સ્પેક્ટરે બે હુડકા કિંમત રૂા.૨,૦૦,૦૦૦ તેમજ ૩૧૦૦ મેટ્રીક ટન રેતી મળી રૂા.૫૨,૬૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી હળવદ પોલીસ સ્ટેશનમાં નાસી જનાર હુડકો ઓપરેટરો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે હે કોન્સ્ટેબલ ગૌરીશંકર ટાપરીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

ગામે ગામના સમાચાર

બગથળામાં અન્નકૂટ દર્શન

બગથળામાં ગામ ખાતે આવેલ નકલંધા મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ નૂતન વર્ષ નિમિત્તે ભવ્ય અન્નકૂટ દર્શનનું આયોજન કરાયું હતું અને નૂતન વર્ષ નિમિત્તે સવારે આરતી, અન્નકૂટ પ્રસાદનો ૧૮,૦૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો તે ઉપરાંત બગથળા ખાતે નકલંક મંદિરે બીએસએનએલના અધિકારીએ કે ઠોરીયા પરિવાર દ્વારા ૫૨ ગજની ધજા ચડાવવામાં આવી હતી તેમ દામજી ભગતે જણાવ્યું હતું.

જામનગરમાં પાંચ દી-માં ડેન્ગ્યુના વધુ ૩૧૯ કેસ નોંધાયા

જામનગર,
જામનગર શહેર અને જિલ્લામાં ડેન્ગ્યુનો રોગચાળો કાબૂમાં આવવાનું નામ લેતો નથી. સરકારી હોસ્પિટલમાં ગત શનિવારથી બુધવાર સુધીના પાંચ દિવસના સમયગાળા દરમિયાન ડેન્ગ્યુના વધુ ૩૧૯ કેસ પોઝિટિવ આવ્યા છે ગત શનિવારે ૭૩ દર્દીઓના ડેન્ગ્યુના રીપોર્ટ પોઝિટિવ આવ્યા હતાં. જ્યારે રવિવારે ૮૬, સોમવારે ૫૧, મંગળવારે ૪૭ તેમજ ગઈકાલે બુધવારે ૬૨ દર્દીઓના ડેન્ગ્યુના રીપોર્ટ પોઝિટિવ આવ્યાં છે.

સાવલીમાં પરિણીતાનો આપઘાત

જામનગર,
કાલાવડના સાવલા ગામે અફસાના રફિક સમા નામની પરિણીતાએ ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. મૃતક અફસાનાની માતા હલિમાબેન સીદીભાઈ સમાએ કાલાવડના ગ્રામ્ય પોલીસ મથકમાં પોતાની પુત્રીને મારકૂટ કરી ત્રાસ ગુજારી મૃત્યુના મુખમાં ધકેલી દેવા અંગે અફસાનાના પતિ રફિક મુસાભાઈ સમા, સાસુ ખતુબેન મુસાભાઈ, સસરા મુસાભાઈ ઈબ્રાહીમભાઈ તેમજ દિયર અકબર મુસાભાઈ સમા સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ચારેય સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જામનગરના ટ્રાન્સપોર્ટરના ટ્રકમાંથી ૭.૫૦ લાખની ચોરી

જામનગર,
જામનગરના ટ્રાન્સપોર્ટના ટ્રકમાંથી કોઈ તસ્કરોએ અમદાવાદથી જામનગરની વચ્ચે કોઈપણ સ્થળે ટ્રકમાંથી તાડપત્રી ઉંચી કરી અંદરથી રૂા.સાડા સાત લાખની કિંમતના માલ સામાનના કાર્ટુનની ચોરી કરી ગયાની ફરિયાદ કરી હતી. કિરીટ મનસુખલાલ ભદ્રાની ટ્રાન્સપોર્ટ કંપનીના ટ્રકમાં માલ સામાન ભરી ટ્રકને અમદાવાદના સરખેજથી જામનગર મોકલવામાં આવી રહ્યો હતો તે દરમિયાન ટ્રકમાં રાખેલા માલ સામાનની કોઈ તસ્કરોએ ચોરી કરી હતી.

અગતરાય પંથકમાં માવઠાથી નુકસાન

અગતરાય,
કેશોદ તાલુકાના અગતરાય અને આજુબાજુનાં ગામડામાં કમોસમી વરસાદથી ભારે નુકસાન થયાની રજૂઆત અનુસૂચિત જનજાતિના પ્રમુખ દેવાભાઈ ખાંભલાએ કરી છે. તેમના જણાવ્યા મુજબ અગતરાય, મંગલપુર, ડેરવાણ, માણેકવાડા, પસવાડિયા અને જોનપુરમાં બુધવારે વરસાદ પડતાં મગફળીનાં પાથરા ખરાબ થઈ ગયાં છે. ખેડૂતોને પારાવાર નુકસાન થયું છે. તેનો સરકારે ને વીમા કંપનીઓએ વહેલી તકે સર્વે કરી સહાય ચૂકવવાની વ્યવસ્થા કરવી જોઈએ તેવી માંગણી કરી છે.

તુલસીશ્યામ રેન્જમાં દીપડાનું મોત

ખાંભા,
તુલસીશ્યામ રેન્જમાં ૧૦ વર્ષનાં દીપડાનું કુદરતી રીતે મોત થયાનું બહાર આવ્યું છે. ખાંભાના કંટાળા રેવન્યુ વિસ્તારમાંથી વન વિભાગને દીપડાનો મૃતદેહ મળ્યો હતો. વન વિભાગે મૃતદેહનું પીએમ કરી અગ્નિદાહ આપ્યો હતો. દીપડાનું મોત કુદરતી રીતે થયું હોવાનું વન વિભાગે જણાવ્યું હતું.

પોરબંદર જૈન સંઘમાં દાતાનું સન્માન

રાજકોટ,
પોરબંદર સ્થાનકવાસી જૈન સંઘ મોટાનાગરવાડા ખાતે કિશોરભાઈ ભીમજીભાઈ સંઘવી, આદિનાથ જૈન ઉપાશ્રય નૂતનીકરણમાં પ્રેરણાદાતા ધીરગુરુદેવના અનુગ્રહથી સ્વ.જયાબેન ભાઈલાલ સંઘવી પરિવારના જયશ્રી અશોકભાઈ સંઘવી દારેસલામવાળાએ નૂતનીકરણમાં રૂ.એક લાખનું અનુદાન અર્પણ કર્યું હતું. સાધ્વીજી વંદનાજી મહાસતિજીની નિશ્રામાં દક્ષાબેન બખાઈએ સન્માન કર્યું હતું. સંઘપ્રમુખ જીતુભાઈ શેઠે ગયાના દીકરીની ભાવનાને બિરદાવી હતી.

ધોરાજીમાં આખલાની અડફેટે યુવકનું મૃત્યુ

ધોરાજી,
ધોરાજીમાં રસ્તે રઝળતા પશુઓના ત્રાસને લીધે વધુ એક નિર્દોષ બાઈકચાલકે જીવ ગુમાવ્યો છે. જેતલસર ગામનો વિપુલ ભીમજીભાઈ ચૌહાણ (ઉં.૩૩) નામનો યુવક નવા વર્ષે ધોરાજી નેશનલ હાઈવે પર માર્કેટીંગ પાસેથી બાઈક લઈ પસાર થતો હતો તે અરસામાં બે આખલા યુદ્ધ વચ્ચે એક આકલો બાઈક સાથે અથડાતા ફંગોળાઈ ગયેલા બાઈકચાલકનું મૃત્યુ નિપજ્યું હતું.

તુલસીશ્યામ રેન્જમાં ગેરકાયદે સિંહ દર્શન કરતાં પાંચને વન વિભાગે ઝડપ્યા

ખાંભા,
ખાંભાના તુલસી શ્યામ રેન્જના રબારીકા રાઉન્ડના જંગલમાં ગત રાત્રીના ગેરકાયદે પ્રવેશ કરી સિંહ દર્શન કરતા અભિષેક વજુ સાવલિયા, બાવ ભાના નોલ, અવિનાશ મગન સાવલિયા, સંદીપ વીનુ સાવલિયા તથા પ્રણવ રમેશ સાવલિયા સહિત ૫ શખ્સોને વન વિભાગના આરએફઓ પરિમલ પટેલ, ફોરેસ્ટર યાસીન જુનેજા, ઝણકારભાઈ, દિલુભાઈ સહિતના સ્ટાફ દ્વારા રાત્રીના પેટ્રોલીંગ દરમિયાન પકડી પાડી રૂા.૨૫,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

જામનગરમાં ખૂનનો ભેદ ઉકેલાયો

પત્નીએ જ પ્રેમી સાથે મળી પતિનું કાસળ કાઢ્યું

સોપારી આપી ખૂન કરાવ્યાનો ચોંકાવનારો ઘટસ્ફોટ : મૃતક તાજિયા ગેંગ સાગરિતનો ભાઈ

જામનગર,
જોડિયા પાસે યુવાનને માર મારી ફેંકી દેવાયા પછી તેનું મૃત્યુ નીપજતાં આ બનાવ ખૂનમાં પલટાયો હતો. પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરતાં મૃતકની પત્નીએ જ પોતાના પ્રેમીની મદદથી પતિનું કાસળ કઢાવી નાંખ્યુ હોવાનો અને ત્રણ શખ્સોએ સોપારી લઈને આ ખૂન કર્યું હોવાનું પ્રકાશમાં આવતાં ભારે હલચલ મચી છે.

જોડિયામાં ખીરી ગામ પાસે ૨૫મીએ સવારે એક યુવાન ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યો હતો. હોસ્પિટલમાં ચાર દિવસ સારવાર પછી તેનું મૃત્યુ નીપજ્યું હતું.

જોડિયા પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી હોસ્પિટલના કોલ્ડરૂમમાં રાખ્યો હતો. દરમિયાન સોશિયલ મીડિયાના આધારે મૃતકની ઓળખ થઈ હતી. મૃતકનું નામ હારૂન કાસમ સુમરા અને પોતે જામનગરમાં સાત રસ્તા વિસ્તારમાં પાવર હાઉસ પાસે રહેતો હોવાનું અને તાજિયા ગેંગના કુખ્યાત સાગરીત રહીમ કાસમ સુમરાનો ભાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

મૃતકના બીજા ભાઈ કરીમ કાસમભાઈ બાબવાણીએ મૃતદેહને ઓળખી બતાવ્યો હતો અને પોતાના ભાઈનું કોઈ અજ્ઞાત શખ્સોએ તિક્ષ્ણ હથિયારોના ઘા મારી ખૂન કરી નાંખ્યું હોવાનું જણાવતાં જોડિયા પોલીસ મથકમાં કરીમ બાબવાણીની ફરિયાદના આધારે અજ્ઞાત શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ પ્રકરણની ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી હતીઅને એલસીબીટી ટુકડી પણ આ પ્રકરણમાં જોડાઈ હતી. તપાસના અંતે નવો ઘટસ્ફોટ થયો હતો. તેની પત્નીએ જ કાવતરું રચીને સોપારી આપી પોતાના પ્રેમી સાથે મળીને ત્રણ ભાડૂતી હત્યારા મારફતે કાસળ કાઢી નાંખ્યુ હોવાનું જાણવા મળ્યું હતું. મૃતકની પત્ની સબાના હારૂન સુમરા કે જે જામનગરમાં સાત રસ્તા સર્કલ પાસે રહે છે. તેણે પોતાના પ્રેમી કાલાવડમાં રહેતા સિરાજ સોમાણી નામના ખોજા શખ્સ સાથે મળીને ખૂનનું કાવતરું ઘડ્યું હતું અને કાલાવડમાં રહેતા અજય સુરેશભાઈ નૈયા અને તેના મિત્ર વિનોદભાઈ વાઘેલા (રહે.કાલાવડ) તેમજ શાહિદના મિત્ર રહીશ નુરમામદને સોપારી આપી હતી. અજય દ્વારા રૂપિયા એક લાખ દસ હજારમાં સોપારી લઈ પોતાના મિત્રોની મદદથી હારૂન કાસમ સુમરા પર જીવલેણ હુમલો કરી જોડિયા નજીક ફેંકી દેવાયો હતો.

સારવાર દરમિયાન તેનુ મૃત્યુ નિપજતાં આ બનાવ ખૂનમાં પલટાયો હતો. આ સમગ્ર મામલાની વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે અને હુમલાખોર મૃતકની પત્ની સબાના અને તેના પ્રેમી શાહીદ ઉપરાંત સોપારી લેનાર અજય અને તેના મિત્ર સાગર તેમજ રહીશ વગેરેને પોલીસ શોધી રહી છે.

પોરબંદરમાં વાગ્દત્તાને જીવતી સળગાવનાર શખસ ૭ દિવસના રિમાન્ડ પર

પોરબંદર,
પોરબંદરમાં રેલવે સ્ટેશન રોડ પર દયાળભવનમાં રહેતા અને દરજીકામ કરતા લાભશંકર તા.૨૩-૧૦ના ગુમ થઈ ગયા બાદ ઈન્દિરાનગર વિસ્તારમાં બાવળની ઝાડીમાંથી હત્યા કરી સળગાવેલી હાલતમાં મૃતદેહ જમીનમાંથી દટાયેલી હાલતમાં મળી આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસે લાભશંકર જોષીની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

દરમિયાન પોલીસે હાથ ધરેલી તપાસમાં શંકાના દાયરામાં આવેલા રીમાના ભાવી ભરથાર નિરવ વિજય થાનકીને સકંજામાં લઈ આકરી પૂછતાછ કરતા હત્યાનો ભેદ ઉકેલાયો હતો અને પેટ્રોલ છાંટીને સળગાવી દીધાની કબૂલાત આપી હતી તેમજ સુદામા ચોકમાંથી નકલી મંગલસૂત્ર ખરીદ્યું હતું. તે પાથરણું પાથરીને બેસતી મહિલાને નિરવ થાનકીને ઓળખી બતાવતાં હતો અને નિરવ થાનકીએ મંગલસૂત્ર ખરીદ્યા બાદ મૃતક રીમા પાસે સેલ્ફી લેવડાવી હતી. રીમાના પરિવારજનોને શંકા ન જાય તે માટે નિરવે મૃતક રીમાને રિક્ષામાં વિરમભાઈની ખાંભી પાસે બોલાવી હતી. પોલીસે સીસીટીવી કેમેરામાં નિરવ થાનકી અને રીમા કેદ થયા હોય તે ફૂટેજ મેળવ્યા હતાં.

પોલીસે હત્યારા નિરવ વિજય થાનકીને સાત દિવસના રિમાન્ડ પર લીધો હતો. તેમજ હત્યા બાદ નિરવ થાનકીએ મૃતક રીમાનો મોબાઈલ ગટરમાં ફેંકી દીધાની કબૂલાત આપતાં પોલીસે કામદાર કલ્યાણ કેન્દ્ર પાસેની ગટરમાંથી મોબાઈલ કબ્જે કર્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

જૂનાગઢમાં નૂતન વરસે જ પતિનાં હાથે પત્નીની હત્યા

ભાઈની મદદથી લાશને દફનાવે તે પહેલાં પોલીસે ઝડપી લીધા

જૂનાગઢ,
આંબેડકરનગરમાં નૂતન વર્ષે ગૃહકંકાસમાં પતિએ પત્ની ઉપર બોથડ પદાર્થનાં ઘા મારી હત્યા કરી હતી. લાશને દફનાવે તે પહેલાં પોલીસ પહોંચી હતી. પતિ અને તેના ભાઈની ધરપકડ કરી હતી.

આંબેડકરનગર પાછળ કબૂતરી ખાણ પાસે રહેતાં જયેશ બાવાજીએ લાખુબેન નામની ૩૨ વર્ષની દેવીપૂજક મહિલા સાથે ચારેક વર્ષ પહેલાં લગ્ન કર્યા હતાં. પતિ-પત્ની વચ્ચે કામધંધા અને નાણાંભીડ મુદ્દે ક્લેશ ચાલતો હતો. નૂતન વર્ષ પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતાં જયેશ બાલાજીએ આવેશમાં આવી, પત્ની ઉપર બોથડ પદાર્થ વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી નાસી ગયો હતો. સાંજે ઘરે પરત ફરતા હુમલામાં ઘવાયેલ પત્ની કણસતી હતી, ત્યારે સારવાર કરવાને બદલે કરી મારીમારી, રૂમમાં પૂરી દીધી હતી. સવારે મહિલાનું પ્રાણપંખેરૂ ઉડી જતાં … અને પોતાના ભાઈ કિશનને બોલાવી ગુનો છુપાવવા દફનાવવાખાડો ખોદ્યો હતો. પરંતુ પત્નીના મૃતદેહને દફનાવે તે પહેલાં પાડોશમાં રહેતા ભાવેશ અનિલ પરમારે પોલીસને જાણ કરતાં પી.આઈ.ઝાલા તથા સ્ટાફે જયેશ બાવાજી અને તેના ભાઈ કિશનની અટક કરી મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

જામનગરમાં જમીન મકાનના દલાલનું ખૂનઃ સહધંધાર્થીની ધરપકડ

જામનગર,
નવા વર્ષના દિવસે જમીન મકાનના દલાલનું ખૂન થયાનું અને સહધંધાર્થીએ જ છરીના ઘા ઝીંકી આ કૃત્ય આચર્યું હોવાનું જાહેર થયું છે. ગુલાબનગર વિસ્તારમાં રહેતા અને જમીન મકાનની દલાલીનો વ્યવસાય કરતાં શંભુભાઈ જેસંગભાઈ ડાંગર કે જેઓ નવા વર્ષના દિવસે ઘર ફળિયામાં ઉભા હતા તે દરમિયાન તેની સાથે જ જમીન મકાનની દલાલીનો વ્યવસાય કરતો મિત્ર મુકેશ રાઠોડ મળવા આવ્યો હતો ત્યારપછી બંને મુકેશ રાઠોડના ઘેર ગયા હતા. જ્યાં મુકેશ રાઠોડના ફળિયામાં બંને વચ્ચે કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી થવા પામી હતી. તે દરમિયાન મુકેશ નરશીભાઈ રાઠોડે ઉશ્કેરાઈ જઈ પોતાની પાસે રહેલાં છરી જેવા તિક્ષ્ણ હથિયાર વડે શંભુભાઈ પર પેટ તેમજ છાતીના ભાગે આડેધડ ઘા ઝીંકી દેતા શંભુભાઈનું મૃત્યુ નિપજ્યું હતું. ખૂનના આ મામલે મૃતકના પુત્ર વિજય ઉર્ફે રાજુભાઈએ મુકેશ નરશીભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન જામનગરની લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે ગુલાબનગર વિસ્તારમાં સતવારા સમાજની વાડી પાસેથી આરોપી મુકેશને પકડી પાડ્યો હતો.

મોરબીમાં દિવાળીના પર્વની અનોખી ઉજવણી

મોરબી,
ગત રવિવારે જ્યારે આખું મોરબી દિવાળીની ઉજવણી કરી રહ્યું હતું ત્યારે રોટરી કલબ મોરબી અને આયુર્વેદિક જીવનશૈલી મોરબી દ્વારા આ શુભ પર્વ પર મોરબીની અનેક ઝૂંપડપટ્ટીમાં જઈને ત્યાંના ગરીબોને કપડાંનું વિતરણ કરી દિવાળીનું અનોખું સેલિબ્રેશન કર્યું. આ સેવા કાર્યના આયોજક તથા પ્રોજેક્ટ ચેરમેન પારસભાઈ મહેતા અને તેમના પત્ની મેઘાબેન તથા રાજભાઈ પરમાર અને તેમના પત્ની ક્રિષ્નાબેન પરમાર તથા રોટરી કલબના પ્રમુખ રૂપેશભાઈ પરમાર (જલરૂપભાઈ), સેક્રેટરી અબ્બાસભાઈ લાકડાવાલા, હરીશભાઈ શેઠ, અશોકભાઈ મહેતા, હુઝેફાભાઈ, રસીદાબેન, બસીબેન શેઠ, રાજવીરસિંહ સરવૈયા, તાહિરભાઈ લાકડાવાલા, હુસેનભાઈ, હાતિમભાઈ એ આ સેવા કાર્યમાં પોતાનો સહયોગ આપ્યો હતો.

MINAXI TEXTILES LIMITED

Regd. Office: Plot No. 3311, G.I.D.C, Phase-IV, Chhatral, Tal.Kalol Chhatral GJ-382729
CIN : L17119GJ1995PLCO25007

NOTICE OF BOARD MEETING

Notice, pursuant to Regulation 29 of the SEBI (Listing Obligations and Disclosures Requirements) Regulations, 2015, is hereby given that a meeting of Board of Directors of the Company will be held on **Tuesday, 12th day of November, 2019, at 03:00 P.M.** at Registered Office of the Company inter – alia to take note of and approval of the Unaudited Standalone Financial Results of the Company for the quarter and half year ended on 30th September, 2019,

Pursuant to Regulation 47 this Notice may be accessed on the website of company www.minaxitextiles.com and may also be accessed on the webside of the Stock Exchange on which the shares of the company are listed i.e. www.bseindia.com.

For, MINAXI TEXTILES LIMITED
Dineshkumar P. Patel
Chairperson
DIN : 02268757

Place : Chhatral
Date : 01/11/2019

સોરઠના પ્રવાસન સ્થળો પર્યટકોથી ઉભરાયા

જૂનાગઢ,
પ્રકાશ પર્વ દિપાવલીનાં તહેવારમાં રજાની મજા માણવા ગુજરાત સહિત દેશનાં વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડતા, સોરઠનાં ફરવાલાયક સ્થળોએ માનવભીડ સર્જાઈ હતી. સક્કરબાગ ઝૂમાં પાંચ દિવસમાં ૩૦ હજાર પ્રવાસીઓએ મુલાકાત લેતાં દસ લાખથી વધુની આવક થઈ હતી.

દિવાળીના તહેવારમાં શાળા-કોલેજો, સરકારી કર્મચારીઓ અને વેપારીઓને મીની વેકેશન હોવાથી પરિવાર સાથે મોટી સંખ્યામાં પ્રવાસીઓ સોરઠના પર્યટન અને ધાર્મિક સ્થળોએ ઉમટ્યા હતાં. ગિરનાર, દાતાર, ભવનાથ તળેટી, ઉપરકોટ, સક્કરબાગ ઝૂ ઉપરાંત સત્તાધાર, પરબ, સાસણ સહિતના સ્થળોએ ભારે ભીડ જામી હતી. મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉતરતા મેળામય માહોલ સર્જાયો હતો. પરિણામે ગેસ્ટહાઉસો, રેસ્ટોરન્ટો, હાઉસફુલ થઈ ગયાં. ગેસ્ટહાઉસોમાં જગ્યા ન મળતાં આશ્રમો, ધર્મશાળાઓમાં પ્રવાસીઓએ રાતવાસો કર્યો હતો. પ્રકૃતિનાં ખોળે પ્રવાસીઓએ તહેવારોની મજા માણી હતી.

ભવનાથ, ઉપરકોટ, સક્કરબાગ ઝૂમાં ભીડ : ઝૂમાં પાંચ દી'માં ૩૦ હજાર પ્રવાસીઓએ લીધી મુલાકાત

ROLCON ENGINEERING COMPANY LTD.

CIN: L29259GJ1961PLC001439
Reg. Office: Anand- Sojitra Road, Vallabh Vidyanagar-388121(Gujarat),
E-mail: rolcon@rolconengineering.com, web: www.rolconengineering.com

NOTICE

Notice is hereby given that the meeting of the Board of Directors of the Company will be held on Thursday, **14th November, 2019 at 4.30 p.m.** at Registered office of the Company, to inter alia, to consider, take on record and approve the Unaudited Financial Result of the Company for the quarter ended on 30th September, 2019, along with other agenda if any.

For, **ROLCON ENGINEERING CO. LTD.**
Sd/- Ashish S. Amin
(Managing Director
(DIN: 01130354)

Place : Vallabh Vidyanagar
Date : November 1, 2019

વેરાવળ બંદરે મચ્છીના ૨૪ જંગા આગમાં ખાક

વેરાવળ,
વેરાવળ બંદર વિસ્તારમાં બેસતા વર્ષનાં દિવસે અચાનક આગ લાગતાં મચ્છીના ૨૪ દંગા ભસ્મિભૂત થયા હતા. જે.સી.બી.ની મદદથી મચ્છીના દંગાને તોડી નાંખતા બાજુમાં આવેલ ડીઝલ પંપમાં આગ પ્રસરતી અટકી હતી. ત્રણેક કલાક સુધી પાણીના મારા બાદ આગ કાબૂમાં આવી હતી. સોમવારે બપોરે બંદર વિસ્તારમાં મચ્છીના દંગામાં અચાનક આગ લાગી હતી. આગે થોડીવારમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુંહતું. આ આગને કાબૂમાં લેવા માટે ફાયર બ્રિગેડના ધરમશીભાઈ કોટિયા, મનુભાઈ બામણિયા, હરસુખભાઈ ગમેશ, પ્રકાશભાઈ દાસ, હરસુખભાઈ કાનજી સહિતનાં વીસેક જેટલાં કર્મચારીઓએ પાંચ જેટલાં ફાયર ફાયટરો દ્વારા ત્રણેક કલાક સુધી પાણીનો મારો ચલાવતાં આગને કાબૂમાં લીધી હતી. દંગામાં મચ્છીના વ્યવસાય માટે રાખવામાં આવતાં ફાયબરના બેરલો, મચ્છીની ઝાળી, વાહનો, ફર્નિચર, ટેબલો, ઠસર મશીનો આગમાં બળીને ખાખ થઈ હતી. આ આગમાં અંદાજે સાત જેટલી છકડો રીક્ષા, બે બોલેરો પીકઅપ વાહન સહિતની અસંખ્ય મચ્છીની જાળીઓ તેમજ મચ્છીનાવ્યવસાયને લગતી વસ્તુઓ બળીને ખાખ થઈ જતાં માચ્છીમારોને અંદાજે પીસ્તાલીસ લાખ જેવું નુકસાન થયું હતું.

મોરબીના સિંચાઈ કૌભાંડમાં ૨૩ શખ્સ સામે ૧૪ હજાર પોતાનું ચાર્જશીટ કરાયું

મોરબી,
મોરબી જિલ્લાના કરોડોના નાની સિંચાઈ કૌભાંડમાં પકડાયેલાં ૨૩ શખ્સ સામે ૧૪ હજાર પાનાનું ચાર્જશીટ પોલીસે કોર્ટમાં રજુ કર્યું હતું. અગાઉ છ શખ્સ સામે ચાર્જશીટ કરાયું હતું.

આ સિંચાઈ કૌભાંડમાં પ્રથમ નિવૃત્ત ઈજનેર ચુનિલાલ કાનાણી, હળવદ કોંગ્રેસના ધારાસભ્ય પરસોત્તમ સાબરિયા, ચૈતન્ય જયંતીલાલ પંડ્યા, ભરત રવજીભાઈ રાઠોડ, ગણપત ઉર્ફે ગણેશ મોહનભાઈ રાઠોડ, વકીલ ભરત ગણેશિયાની ધરપકડ કરવામાં આવી હતી. એ પછી પોલીસ વડા ડો.કરણજરાજ વાઘેલા અને ડીવાયએસપી બન્નો જોષીના માર્ગદર્શન હેઠળ પીઆઈ આર.જે.ચૌધરી અને તેના સ્ટાફના મહેન્દ્રસિંહ, ફત્તેસિંહ વિજયભાઈ વગેરેએ સઘન તપાસ કરીને એક પછી એક ૨૩ શખ્સની ધરપકડ કરી હતી. આ ગુનામાં પકડાયેલા રામજી કાનજીભાઈ વાદી, ચતુર મગનભાઈ ચરમારી, ભરત ગોવિંદભાઈ ચૌહાણ સહિત ૨૩ શખ્સ સામે ૧૪ હજાર પોતાનું ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરાયું હતું. કુલ ૨૯ શખ્સ સામે ચાર્જશીટ કરાયું હતું.

ashima LIMITED

Registered Office: Texcellence Complex, Khokhara Mehmedabad, Ahmedabad - 380021
CIN: L99999GJ1982PLC005253; Website: www.ashima.in
Tel: +91-79-67777000; Fax: +91-79-22773061

NOTICE

Notice is hereby given in compliance of Regulation 29 read with Regulation 47 of the Securities Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, a meeting of Board of Directors of the Company is scheduled to be held on Saturday, 9th November, 2019, to inter-alia, consider, approve and take on record the unaudited financial results for the quarter and half year both ended on 30th September, 2019. A copy of said notice and unaudited financial results of the Company shall also be available on the Stock Exchange's website at www.bseindia.com and www.nseindia.com and also on the Company's website at www.ashima.in.

For Ashima Limited
Hiren Mahadevia
Company Secretary

Place: Ahmedabad
Date: 01.11.2019

વેસ્ટર્ન ટાઈમ્સ

News Portal : **www.westerntimesnews.in**

www. westerntimes.co.in

વેસ્ટર્ન ટાઈમ્સ ગ્રુપ ઓફ પબ્લીકેશનનાઅંગ્રેજી અને ગુજરાતી દૈનિક આવૃત્તિઓ હવે ઈન્ટરનેટ પર પીડીએફ સ્વરૂપે કોઈપણ વ્યક્તિને વિશ્વમાં કોઈ પણ સ્થળે ઉપલબ્ધ છે.

gujarati@westerntimes.co.in

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રસંગો તેમજ સામાજીક પ્રવૃત્તિઓની માહિતી ફોટા સાથે અને જરૂરી વિગતો સાથે ઉપરના મેઈલ આઈડી પર મોકલાવી શકો છે

વેસ્ટર્ન ટાઈમ્સ

વેસ્ટર્ન ટાઈમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

નૂતન વર્ષાભિનંદન "પ્રભુને ગમે"

પુસ્તિકાના લેખક શ્રી અંબાલાલ આર પટેલ ની પુસ્તિકા બેસણામાં બર્થડે માં અને બીજા પ્રસંગોમાં વહેચનાર તથા વાંચનાર સહુ ને નવુ વર્ષ સુખ શાંન્તિ ને સમૃદ્ધી સાથે પ્રભુને ગમતુ થાય તેવી હૃદય પૂર્વક ની મંગલ શુભ કામના

ફોનઃ૨૬૬૨૧૯૮૧મો.૮૧૨૮૨૮૬૧૬૧

મોરબીમાં પત્ની-સાસુ પર જમાઈનો છરીથી હુમલો

મોરબી,
મોરબી લાતી પ્લોટમાં રહેતા સુનીલ રમેશ કાથરાણી નામના શખ્સો વીસીપરામાં મહાકાળી ઓઈલ મીલ પાસે રહેતા સાસુ મંજુબેનના ઘેર ગયો હતો અને રીસામણે બેઠેલી પત્ની શીતલબેન અને સાસુ મંજુબેન સાથે ઝઘડો કરી છરીના ઘા ઝીંકી નાસી છૂટ્યો હતો અને ઘવાયેલ શીતલબેન અને મંજુબેનને હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અંગે પોલીસ હાથ ધરેલી તપાસમાં શીતલબેન ત્રણેક વર્ષથી પતિ સુનીલ સાથે મનમેળ નહોય રીસામણે બેઠી હતી તેનો ખાર રાખીને સુનીલ કાથરાણી સાસુના ઘેર પહોંચ્યો હતો અને છરીથી હુમલો કર્યો હતો.

પોલીસે શીતલબેનની ફરિયાદ પરથી સુનિલ રમેશ કાથરાણી વિરૂદ્ધ ગુનો નોંધી ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

સુધારો

તારીખ ૨૩/૧૦/૨૦૧૯ ના રોજ સાગટાળા વિભાગ સઘન ક્ષેત્ર યોજના સાગટાળા સંચાલિત ઉ.બુ આશ્રમ શાળા દેવીરામપુરા તા- દેવગઢબારિયા જી- દાહોદમાં જોઈએ છે જાહેરાતમાં વિધાસહાયકની જગ્યાએ શિક્ષણ સહાયક વાચવુ.

ડીમાન્ડ નોટીસ

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૧૩(૨) સાથે વાંચતા સિક્યુરાઈટીઝેશન એન્ડ રિકન્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (જણાવેલ નિયમ)ની કલમ ૧૩ હેઠળ આ રૂલ્સના નિયમ ૩(૧) સાથે વાંચતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા મુજબ ઈન્ડીયા ઈન્ફોલાઈન હાઉસીંગ ફાયનાન્સ લી. IIFL (અગાઉ જાણીતી ઈન્ડીયા ઈન્ફોલાઈન હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ)ના અધિકૃત ઓફિસરે કલમ ૧૩ હેઠળ દેવાદારને તેમને ઈસ્યુ કરેલ સંબંધિત ડીમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમની ચૂકવણી કરવા જણાવ્યું હતું. ઉપરોક્ત બાબતના સંદર્ભે આથી દેવાદારોને ઉપરોક્ત અનુસંધાને ફરી એકવાર નોટીસ આપવામાં આવે છે અને આ નોટિસની પ્રસિધ્ધિની તારીખથી ૬૦ દિવસમાં અત્રે દર્શાવેલી રકમ, ચૂકવણીની તારીખથી સાથેની રકમ ચૂકવવાની છે. દેવાદારની વિગતો ડીમાન્ડ નોટીસ લેણી રકમ અને તે હેઠળ લોનની રકમની પુનઃ ચૂકવણીની સિક્યોરિટી ઓફર કરાઈ હતી જે નીચે મુજબ છે.

દેવાદારો/જામીનદારોના નામો	ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ	સિક્યોર્ડ એસેટ (સ્થાઇ મિલ્કત)નું વર્ણન
૧.શ્રી કિરીટકુમાર પંચાલ ૨.શ્રીમતી જાગૃતિબેન કે. પંચાલ (Prospect નં./લોન ખાતા.નં.711458)	૩૦-૧૦-૨૦૧૯ રૂા.૮,૫૨,૯૩૬/- (રૂપિયા આઠ લાખ બાવન હજાર નવસો છત્રીસ ફક્ત)	ફ્લેટ નં. જી-૬, ગ્રાઉન્ડ ફ્લોર જેનું માપ ૬૨૫ સ્કે. ફીટ એટલે કે ૫૮.૦૬ સ્કે. મીટર ક્રિષ્ના કો.ઓપ.સોસાયટી લીમીટેડ, બિલ્ડીંગ નં.૬, રેવન્યુ સર્વે. નં. ૫૪, ટી.પી. સ્કીમ નં. ૩૧, મોજે અડાજન, સુરત શહેર, ગુજરાત ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત
૧.શ્રી દિલીપ એમ. ભંગી ૨.શ્રીમતી આશાબેન દિલીપભાઈ ભંગી (Prospect નં./લોન ખાતા.નં.858283)	૩૦-૧૦-૨૦૧૯ રૂા.૧૬,૩૩,૬૬૭/- (રૂપિયા સોળ લાખ તેત્રીસ હજાર છસો સડસઠ ફક્ત)	યુનિટ નં. સી-૧૪૫, ગોલ્ડન વેલી, અમોદર ગીરીરાજ રોડ નજીક, વાઘોડીયા મેઈન રોડ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૧૯ ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત
૧.શ્રી દિલીપ ધગલાજી વણઝારા ૨.શ્રીમતી રેખાબેન દિલીપભાઈ વણઝારા (Prospect નં./લોન ખાતા.નં.824408)	૩૦-૧૦-૨૦૧૯ રૂા.૨૦,૦૦,૧૩૭/- (રૂપિયા વીસ લાખ એકસો સાડત્રીસ ફક્ત)	ઈ-૪૧, શ્રી રમેશકુમાર રેસીડન્સી, રોયલ વિલા નજીક, વડસર બ્રીજની બાજુમાં, વડસર, વડોદરા, ગુજરાત ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત

જો આ દેવાદાર ઉપરોક્ત IIFL, HFLને ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય તો IIFL, HFL આ એક્ટની કલમ ૧૩(૪) હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ્સ સામે કાર્યવાહી હાથ ધરશે અને લાગુ થતા નિયમો/સમગ્રપણે તે દેવાદારના જોખમે અને ભોગે રહેશે.
વધુ માહિતી માટે અધિકૃત અધિકારીશ્રીની ઓફીસ **બ્રાંચ ઓફિસ** : ૬/૨૧૬, રૂસ્તમપુરા રોડ, ઉધના દરવાજા, અમનનગર, સુરત, ગુજરાત-૩૯૫૦૦૨ અને/અથવા **બ્રાંચ ઓફિસ** : ઉજો માળ, ભગવાનદાસ ચેમ્બર્સ, આર સી દત્ત રોડ, સરકીટ હાઉસ સામે, અલકાપુરી, વડોદરા, ગુજરાત -૩૯૦૦૦૭ **કોર્પોરેટ ઓફિસ** : આઈઆઈએફએલ ટાવર પ્લોટ નં.૯૮, ઉદ્યોગ વિહાર, ફેસ-૪, ગુરગાંવ, હરીયાણા સંપર્ક કરવો.,

સ્થળઃ સુરત અને વડોદરા **તારીખઃ** ૦૨-૧૧-૨૦૧૯ **સહી/- અધિકૃત અધિકારી, આઇઆઇએફએલ હોમ ફાઇનાન્સ લીમીટેડ (IIFL HFL)**

www.readwhere.com